જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૭/૨૦૨૫ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૭૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૮ કેસ કરી, ૭૩ વ્યક્તિઓને ઝડપી, ૨૯૬ લીટર દેશી દારૂ, ૧૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૬૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૬૯ બિયર ટીન, ૦૧ સ્કુટર, ૦૧ રિક્ષા અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૮ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૯૦,૩૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૭૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૯૭૮/૨૦૨૫**

ઘાટલોડીયાઃ પ્રિયંક શંકરભાઇ પટેલ (ઉ.વ.૩૮) (રહે.આસોપાલવ એપાર્ટમેન્ટ નારણપુરા) એ તા.૧૬/૦૭/૨૦૨૫ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૬/૨૦૨૫ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન નારણપુરા શાસ્ત્રીનગર દર્શન એપાર્ટમેન્ટ ‘રત્નાકર જ્વેલર્સ ખાતે આરોપી નિકેશ કીરીટકુમાર શાહ (રહે. શુકન હોમ્સ બેંક ઓફ બરોડાની બાજુમાં ન્યુ રાણીપ) એ પ્રિયંક પટેલ તથા અન્ય ગ્રાહકોને સોના–ચાંદીની ખરીદી થકી બેંક વ્યાજ તથા અન્ય રોકાણ કરતાં વધુ વળતર અને નફો અપાવવાની લોભામણી લાલચ આપી વિશ્વાસ કેળવી તેઓની જ્વેલર્સમાં દાગીના તથા રોકડ રકમ મારફતે રોકાણ કરાવડાવી પ્રિયંક પટેલ તથા અન્ય ગ્રાહકો પાસેથી સોના–ચાંદીનુ વેચાણ કરાવડાવી તેમજ સોના–ચાંદીની લગડી ખરીદી પેટે એડવાન્સ રોકડ રકમ મેળવી તેમજ અમુક દાગીના રીપેરીંગ માટે આપેલ હોય પ્રિયંક પટેલ તથા તમામ ગ્રાહકો પાસેથી અલગ અલગ પ્રકારે કુલ રૂપિયા ૧,૪૩,૯૦,૦૦૦/– મેળવી લઇ પ્રિયંક પટેલનાઓને સમયસર દાગીનાની ડીલીવરી કે રોકડ રકમ તથા રીપેરીંગ માટે આપેલ દાગીના પરત નહી આપી સગેવગે કરી દુકાન બંધ કરી નાસી જઈ પ્રિયંક પટેલ તથા અન્ય ગ્રાહક સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.ડી.પટેલ ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૯૭૯/૨૦૨૫**

વસ્ત્રાપુરઃ જાનકીબહેન વા/ઓ જયશીલભાઇ પટેલ (ઉ.વ.૬૧) (રહે. ઓલીવ વુડ્સ સોસાયટી નંદોલી પાટીયા બસ સ્ટેશન સામે ગામ–રાંચડા તા–કલોલ જી–ગાંધીનગર) એ તા.૧૬/૦૭/૨૦૨૫ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૭/૨૦૨૫ રાતના ૩/૧૫ વાગ્યાના સુમારે વસ્ત્રાપુર સારથી હોટલની બાજુમાં હરીવિલ્લા એપાર્ટમેન્ટમા “ઓપસન્સ” નામની ત્રણ માળની પોતાની દુકાનના પ્રથમ માળે સ્લાઇડીંગ બારી ખોલી એક પુરૂષ દુકાનમાં પ્રવેશ કરી ટેબલના ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૬૦,૦૦૦/– ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.વી.રબારી ચલાવે છે.

ટ્રેઈનની અડફેટમાં આવી જતા મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૯૮૦/૨૦૨૫**

સરખેજઃ ભુપતભાઇ કાગડાભાઇ રાઠવા (ઉ.વ.૩૫) (રહે. નિશાળ ફળીયુ, વરઘી રાયસીંગપુરા હરવંત વડોદરા) તા.૧૬/૦૭/૨૦૨૫ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે સરખેજ એસ.પી.રીંગ રોડ સનાથલ બ્રીજ નીચે ટ્રેઈનની અડફેટમાં આવી જતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઇ રામજીભાઇ ચલાવે છે.

મણીનગરઃ મનીષ ભરતભાઇ ગોરડીયા (ઉ.વ.૩૮) (રહે.આરતીનગર એ રાણીપુર ગામ શાહવાડી) તા.૧૬/૦૭/૨૦૨૫ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે મણીનગર રેલવે ક્રોસિંગ નજીક ડાઉન રેલવે લાઇનના પોલ નંબર.૪૯૧/૨૨ થી ૪૯૧/૨૪ વચ્ચે ટ્રેઈનની અડફેટમાં આવી જતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી.આર.પરમાર ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૯૮૧/૨૦૨૫**

એરપોર્ટઃ દિપકકુમાર સ/ઓ ઈશ્વરભાઈ ગનોરે (ઉ.વ.૨૯) (રહે.ગાંધી સેવા સંઘ વિરાટનગર વસ્ત્રાલ રોડ અમરાઈવાડી)નાઓ સફાઈ કમાદાર હોય સરદારનગર કોમ્યુનિટી હોલ ખાતે સફાઈ કરવા ગયા હતા. જ્યાં તેઓએ તા.૧૬/૦૭/૨૦૨૫ સાંજના ૫/૩૦ વાગ્યા પહેલા અગમ્ય કારણસર પંખા સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે એરપોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદીપસિંહ કલ્યાણસિંહ ચલાવે છે.

નિકોલઃ જયેશભાઇ સુરેશભાઇ પંચાલ (ઉ.વ.૨૩) (રહે. તુલસી રો–હાઉસ અશ્વમેઘ રો–હાઉસની બાજુમાં નિકોલ) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૭/૨૦૨૫ સાંજના ૫/૦૦ થી ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને કાનબા હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દિનેશભાઇ વાલજીભાઇ ચલાવે છે.

રામોલઃ વૃશાલી વા/ઓ ઘીરેન્દ્રસિંગ પાંડુરંગ ગીરાસે (ઉ.વ.૩૦) (રહે. શ્રીનંદ સીટી–૬ ન્યુ મણીનગર રામોલ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૭/૨૦૨૫ બપોરના ૧૨/૨૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જેરામભાઇ વાલજીભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી